ક્રમાંક:રાપબો/PSE-SEE-૨૦૨૫-૨૬/૨૦૨૬/૩૩૬-૬૫૫

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા,
સરકારી પુસ્તકાલયની સામે,
સેકટર-૨૧,ગાંધીનગર.
તા:૧૨/૦૧/૨૦૨૬.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, અમદાવાદ શહેર, સુરત

વિષય : "પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(PSE-SSE)-૨૦૨૫-૨૬" ના પરીણામ બાબત.
સંદર્ભ : અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:રાપબો/પ્રા.મા.શિ.શિ.પ.-૨૦૨૫-૨૬/૨૦૨૫/૧૪૭૨૬-૮૧૩, તા.૨૩-૧૨-૨૦૨૫

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(PSE-SSE)-૨૦૨૫-૨૬નું તા.૨૯-૧૧-૨૦૨૫ ના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેનું સંદર્ભદર્શિત જાહેરનામા અંતર્ગત પરીણામ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે હાલ પણ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.ord ના RESULT ઓપ્સશનમાં વિદ્યાર્થીનો બેઠક ક્રમાંક અથવા યુડાયસ નંબર અને જન્મ તારીખથી ડાઉનલોડ કરી શકાય છે. જો કોઇ વિદ્યાર્થીએ હજુ સુધી પરીણામ ન મેળવ્યુ હોય તો તાત્કાલીક ડાઉનલોડ કરાવી લેવાનું રહેશે.

ઉક્ત પરીણામ બાબતે અત્રેની કચેરી ખાતે મેઇલ તથા ટપાલ મારફતે થોડી રજુઆતો મેળેલ જેનો નિકાલ કરી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે.

પરંતુ, પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૫-૨૬ આપેલ હોય તેવા ચાલુ શૈક્ષણિક વર્ષના ધોરણ-૬ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૫-૨૬ આપેલ હોય તેવા ચાલુ શૈક્ષણિક વર્ષના ધોરણ-૯ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અત્રેથી પ્રસિદ્ધ થયેલ પરીણામ સબંધિત કોઇ ક્વેરી(રજુઆત) હોય તો આપની કક્ષાએ એકત્ર કરી અત્રેની કચેરીને દિન-૦૭માં મળે તે મુજબ મોકલી આપવાની રહેશે. જેથી પરીણામ સબંધિત ક્વેરીઓનું નિરાકરણ કરી સત્વરે મેરીટ યાદી પ્રસિદ્ધ કરી શકાય.

વધુમાં જણાવવાનું કે, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મેરીટ યાદી પ્રસિદ્ધ થઇ ગયા બાદ પરીણામ સબંધિત કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી તે મુજબની જાણ તમામ સંબંધિત શાળાઓ તથા વિદ્યાર્થીઓને કરવા વિનંતી છે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**<u>નકલ રવાના</u>**

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
  - તમામ શાળાના આચાર્યશ્રીઓને જાણ કરવા સારૂ....